# -: જાહેરનામું :-

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ હુકમ:-**

નં.વિશા/એ સેકશન/પરમીટ/ ૧૪૧ /૨૦૧૯
પોલીસ કમિશનરની કચેરી, વિશેષ શાખા,
શાહીબાગ,અમદાવાદ શહેર.તા.૧૯.૧૦.૨૦૧૯

આગામી વિધાનસભા અમરાઇવાડી-૫૦ પેટા ચુંટણી-૨૦૧૯ તા.૨૧.૧૦.૨૦૧૯ ના રોજ યોજાનાર છે.ઉમેદવારોના ચૂંટણી પ્રચાર મથકોને કારણે મતદારો માટે અવરોધો ઉભા થાય છે. વિવિધ પક્ષોના કાર્યકરો વચ્ચે અથડામણ થાય છે. જેને કારણે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉભા થાય છે અને એ રીતે ચૂંટણીના મુકત ન્યાયી અને સરળ સંચાલનમાં ઘણી મુશ્કેલીઓ ઉભી થાય છે. જેથી ચૂંટણી પ્રચાર મથકો ઉભા કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવું જરૂરી જણાય છે.

હું એ. કે. સિંઘ, પોલીસ કમિશનર અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

તા.૨૧.૧૦.૨૦૧૯ ના રોજ મતદાનના દિવસે ચૂંટણી પ્રચાર માટેના મથકો ઉભા કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) કોઈ પણ મતદાન મથકથી ૨૦૦ મીટરની હદમાં મતદારોને મતદાર યાદીનો ક્રમ નંબર કાઢી આપવા કે કાપલી લખી આપવા માટે તેમના કેમ્પ ઉભા કરવા નહિ કે તેવી કોશિષ કરવી નહીં.

(૨) મતદાન મથકે એક થી વધુ મતદાન મથકો હોય તેમ છતા દરેક ઉમેદવાર દીઠ ૨૦૦ મીટરની હદ બહાર ફકત ૧ (એક) કેમ્પ જેમાં ટેબલ અને બે ખુરશી અને છાયડા માટે છત્રી કે તાડપત્રી કે કંતાનથી (ઢાંકેલું) બનાવવાનું રહેશે.બુથને ચારે બાજુ કંતાન વડે બંધ કરી શકાશે નહીં.

(૩) આવા કેમ્પનો ઉપયોગ મતદારોને ઉમેદવારના નામ કે પ્રતિક કે પક્ષના નામ વગરની સફેદ કાગળ ઉપર ચુંટણી પંચે આપેલ સૂચનાં મુજબની કાપલી આપવા કરી શકાશે.

(૪) ઉમેદવારોના કેમ્પ સાદા હોવા જોઈએ. તેની ઉપર કોઈ પોસ્ટર,વાવટા,પ્રતીકો કે અન્ય પ્રચાર સામગ્રી પ્રદર્શીત કરી શકાશે નહિં.કેમ્પ ખાતે કોઈ ખાધ સામગ્રી આપી શકાશે નહીં કે ટોળા ભેગાં કરી શકાશે નહિં.

(૫) આવા કેમ્પ ઉપર મતદારોના ટોળા એકત્ર થવા દેશે નહિ કે મતદાન કરી આવેલ મતદારને ઉભા રહેવા દેશે નહિ.

(૬) મતદારોને મતદાન મથકે પ્રવેશ કરવામાં અડચણ ઉભી થાય તેવું કોઈ કૃત્ય થવા દેશે નહિં.

(૭) ૧૦૦ મીટરની હદમાં સેલ્યુલર ફોન,કોડલેસ ફોન,વાયરલેસ સેટસ અને અનધિકૃત વસ્તુ કે ગેરકાયદેસર વસ્તુ લઈ પ્રવેશ કરી શકશે નહિં.

<u>આ હુકમમાં નીચે મુજબનો અપવાદો છે.</u>

(૧) લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની જોગવાઇઓ તથા ભારતના ચુંટણીપંચના પ્રવર્તમાન સુચનાઓના સંદર્ભે "મતદારોને વિધિસરની ઓળખ કાપલીઓ આપવા માટે ઉમેદવારો તેમજ એજન્ટો અને કાર્યકરોના ઉપયોગ સારૂ મતદાન મથકથી ૨૦૦ મીટરથી દુરના અંતરે એક ટેબલ અને બે ખુરશીઓની તેમજ એમને તડકા/વરસાદથી રક્ષણ આપવા માટે ઉપરના ભાગમાં છત્રીની વ્યવસ્થા કરી શકાશે. કંતાન વગેરેથી ઢાંકી શકાશે નહી આવા ટેબલની આસપાસ ટોળું ભેગુ થવું જોઈએ નહી, આવા મથક ઉભા કરવાની ઈચ્છા રાખનાર દરેક ઉમેદવારો પોતે જયાં આવા મથકો ઉભા કરવા માગે છે તે ચૂંટણીમથકોના નામ અને ક્રમ વિશેની માહીતી ચૂંટણી અધિકારીશ્રીને અગાઉથી લેખિતમાં આપવાની રહેશે. આવા મથકો ઉભા કરતા પહેલા સ્થાનિક કાયદા અનુસાર સંબંધિત સત્તાધિકારીની પરવાનગીની જરૂરી હોય તેવા પ્રસંગે આવી પરવાનગી મેળવેલ હોવી જોઈએ અને બુથ સંભાળતી વ્યકિતઓ પાસે ઉપલબ્ધ હોવી જોઈએ. મતદારોને આપવાના હેતુસર વિધિસર ઓળખ કાપલીઓ ભારતના ચૂંટણીપંચની ચુસ્ત સુચનાઓ અનુસાર છપાયેલી હોવી જોઈએ અને તેના ઉપર ઉમેદવારનું નામ અથવા ચિન્હ અથવા રાજકીય પક્ષનું નામ ન હોવું જોઈએ. તેમજ આવા દરેક બુથ ખાતે ઉમેદવાર તેમના પક્ષનું નામ અને તેમને ફાળવેલ ચૂંટણી ચિન્હ પ્રદર્શિત કરવા ૩ ફુટની લંબાઈ તથા ૪.૫ ફુટની પહોળાઈવાળું ફકત એક જ બેનર ઉપયોગમાં લઈ શકશે. તેમજ એક જ મકાનમાં એક કરતા વધારે મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા હશે તો પણ આવા મતદાન મથકથી ૨૦૦ મીટર દુરના અંતરે ઉમેદવાર એક જ મથક રાખી શકશે.

(૨) મતદાન મથક ઉપર ફરજ બજાવતા કાયદો અને વ્યવસ્થા સંભાળતા અધિકારી સીક્યુરીટીના માણસો,ચુંટણી પંચ દ્વારા નિયુકત ઓબઝર્વરશ્રીઓ તથા મતદાન કેન્દ્રના ઈન્ચાર્જ અધિકારીઓને માત્ર તેમની ફરજ પુરતી જ છુટ રહેશે.

આ હુકમનો ભંગ/ઉલ્લઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ ગુજરાત હેઠળ શિક્ષાને પાત્ર થશે.

સદરહું હુકમ તારીખ તા.૨૧/૧૦/૨૦૧૯ ના સવારના ક.૦૬.૦૦ થી ચુંટણી પુર્ણ થાય ત્યાં સુધી લાગું પડશે.

આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના અમરાઇવાડી વિધાનસભા-૫૦ ના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સ્પેશિયલ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ-૧૯/૧૦/૨૦૧૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

( એ. કે. સિંઘ )
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

નકલ સવિનય રવાના:-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી ગુ.રા.ગાંધીનગર.
(૩) પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર.
(૪) મ્યુનિસિપલ કમિશનરશ્રી અમદાવાદ શહેર.
(૫) કલેકટરશ્રી અમદવાદ/જીલ્લા ચૂંટણી અધિકારી અમદાવાદ શહેર/ગાંધીનગર.
(૬) નિયામકશ્રી માહીતી ખાતુ ગુ.રા.ગાંધીનગર.
(૭) રજીસ્ટ્રારશ્રી હાઈકોર્ટ મીરજાપુર અમદાવાદ
(૮) રજીસ્ટ્રારશ્રી સિવીલ અને સેશન્સ કોર્ટ અમદાવાદ
(૯) રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ મીરઝાપુર અમદાવાદ
(૧૦) ચીફ મેટ્રોપોલીટન મીજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૧૧) જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી અમદાવાદ કલેકટર કચેરી સુભાષબ્રિજ સર્કલ પાસે, સાબરમતી
(૧૨) મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

નકલ રવાના :-

(૧) સ્પેશિયલ/અધિક પોલીસ કમિ.શ્રી સેક્ટર-૧,૨ અમદાવાદ શહેર.
(૨) સંયુક્ત પોલીસ કમિ.શ્રી ક્રાઇમબ્રાંચ/ટ્રાફિક શાખા, અમદાવાદ શહેર.
(૩) તમામ નાયબ પોલીસ કમિ.શ્રી અમદાવાદ શહેર
(૪) તમામ અધિક નાયબ પોલીસ કમિશનરશ્રી/મદદનીશ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૫) મેનેજરશ્રી ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧ માં પ્રસિધ્ધિ કરવા સારૂ.
(૬) સીનીયર સરકારી વકીલશ્રી અમદાવાદ શહેર.
(૭) જનસંપર્ક અધિકારીશ્રી (સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવા સારૂ)
(૮) તમામ પો.ઈન્સ.શ્રીઓ અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ. )
(૯) પોલીસ ઈન્સ.શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.
(૧૦) પોલીસ સબ ઈન્સ.શ્રી સાબરમતી રેલ્વે.પો.સ્ટે.